# સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી – રાજકોટ

અરજી નંબર : ૪૧/૨૦/૨૦૧૯

ટ્રસ્ટનું નામ : શ્રી ગુજરાતી હાલારી સમવાય ચતુર્વેદીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ – રાજકોટ

ટ્રસ્ટ રજી નં : એ/૬૬૨/રાજકોટ.

વિ. એડવોકેટ વાય. એ.બ્લોચ અરજદારો તરફે, વિ.એડવોકેટ એન.એસ.લાખાણી સામાવાળા તરફે

## આંક -૧ લગત હુકમ

(૧) આંક – (૦૧) ની અરજી હકીકત સાથે નિ. ૩/૧ થી ૩/૧૧, દસ્તાવેજી પુરાવાઓ સાથે આંક – (૩૯)-ની પુરશીશ તેમજ અરજી, રેકર્ડ પ્રોસીડીંગ્સ વંચાણે લીધા, સાંભળ્યા.

(૨) અરજદારોએ આ અરજી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ – ૪૧(એ) (ટુંકમાં એકટ) નીચે સુચના આપવા દાદ સાથે અરજી રજીસ્ટર કરાવેલ છે. આજરોજ સુનાવણી તબક્કે સંબધિત ટ્રસ્ટના જવાબદાર વ્યક્તિઓ તથા પક્ષકારો તેમના વિ.એડવોકેશ્રીઓ સાથે હાજર છે.

(3) સુનાવણીના તબક્કે બન્ને સબંધિત પક્ષકારો દ્વારા અને તેમના એડવોકેશ્રીઓ દ્વારા અરજી દાદ આંક – (૩૯) ના સુચનો ધ્યાને લઇ મંજુર

કરવામાં આવી તો હરકત સમાન નહિ હોવાનું જાહેર કરવામાં આવેલ છે. તેમજ ટ્રસ્ટ દ્વારા કારોબારીના સભ્યો બંધારણને અનુસરી અને યોગ્ય અને કાયદેસરની નિયમાનુસાર ચુંટણી અનુસરે તેમજ ટ્રસ્ટ મિલકતના સ્વરૂપના ફેરફાર સંબધે સભ્યોને ધારાસર મીટીંગ બોલાવી વિશ્વાસમાં લઇ અને બાંધકામ કાર્યવાહી અનુસરે તેમજ નિયમાનુસાર બાંધકામ કરી તેને સંબધિત કોર્પોરેશન શાખા થકી પ્રમાણિત કરે/કરાવે તેવી કાર્યવાહી અનુસરવા અંગે પણ હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આથી સંબધિત પક્ષકારોની ઉપરોકત રજુઆત અને આંક – (૩૯) ની પુરશીશ, હકીકત અને અને નિ. ૩/૧ થી રજુ બંધારણને ટ્રસ્ટના હેતુ તથા પ્રવુતિઓ અને ટ્રસ્ટના સભ્યોની સંખ્યા સાથે અરસપરસ વાંચતા અને તપાસતા કચેરીનું માનવું છે કે, ટ્રસ્ટના હિતના નિર્ણય સંબધે મીટીંગમાં તેઓની હાજરી તથા કોરમ યોગ્ય રીતે જળવાય રહે સાથોસાથ શાંત સુમેળભર્યા સંકલન સાથેના વાતાવરણથી ટ્રસ્ટના વહીવટ અને મિલકત સંબધે નિર્ણય લેવાય તેવા હેતુથી આથી તમામ રજુઆતને અંતે આંક – ૩૯ ની પુરશીશ ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી, કચ્છ વિભાગ, રાજકોટ

## હુકમ

(૧) અરજદારની અરજી આથી એકટની કલમ – ૪૧(એ) અન્વયે સર્વસંમતિથી એવા હુકમ સાથે નિકાલ કરવામાં આવે છે કે, ટ્રસ્ટના કારોબારી સમિતિના સભ્યોએ ટ્રસ્ટની ચૂંટણી સ્કીમ અરજી નંબર : ૧૯/૨૦૨૦ થી ઘડાયેલ બંધારણ મુજબ ધારાસર ચૂંટણી કાર્યવાહી અનુસરવી તેમજ ટ્રસ્ટની મિલકતના સ્વરૂપ સંબધે સંબધિત કોર્પોરેશનની કચેરી મારફત તેને પ્રમાણિત કરાવવા અને તે મુજબ બાંધકામ અનુસરવું. તેમજ આવા વ્યવહાર અને કાર્યો સંબધે જરૂર જણાય સંબધિત મદદનીશ ચેરિટી કમિશનરશ્રીની કચેરી, રાજકોટ સમક્ષ અરજ અહેવાલ કરી નોંધ કરી/કરાવવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ હુકમની એક ખરી નકલ તથા અસલ રેકર્ડ મદદનીશ ચેરિટી કમિશનરશ્રી રાજકોટ કચેરીને વંચાણે તથા અમલીકરણ માટે મોકલી આપવી.

(3) અરજી ખર્ચ અંગે હુકમ નથી.

આ હુકમ આજ તા. ૨૭/૦૮/૨૦૨૧ ના રોજ વાંચી જાહેર કર્યો.

27/8/21

JOINT CHARITY COMMISSIONER
RAJKOT

રાજકોટ

27 AUG 2021

તા. ૨૭/૦૮/૨૦૨૧

(પી.સી.રાવલ)
સંયુકત ચેરિટી કમિશનર
રાજકોટ.

સંયુકત ચેરિટી કમિશનરશ્રી, કચ્છ વિભાગ, રાજકોટ

Seen
N.S. Lakhani
Adv.
dt 27/8/2021

Seen
તા. 27/8/21

Seen
B.K. Bhatt
27/08/2021.

27/08/21

નકલ ફી રૂ. 21/-
પેપર ફી રૂ. —
મુકાબલા રૂ. 35/-
કુલ રૂ. 56/-

આથી દાખલો આપવામાં આવે છે કે આ પ્રમાણિત નકલ છે

R.H. Upadhyay
27/8/2021

અધીક્ષક 27/08/21
સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી
રાજકોટ

નકલ કરનાર

મુકાબલા કરનાર